ક્રમાંક: ગુજકા/વેટ-૧૫/૧૮-૧૯/**જા.૨૧૨/૧૮૩**

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી,
(કાયદા શાખા)
ગુજરાત રાજ્ય,
એ/૫, રાજ્ય કર ભવન, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

તારીખ : ૮/૦૧/૨૦૧૯

# જાહેર પરિપત્ર

વિષયઃનિયમ-૨૦ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માટે વાર્ષિક પત્રક નમુનો-૨૦૫ રજુ કરવાની સમય મર્યાદા લંબાવવા બાબત.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો,૨૦૦૬ના નિયમ-૨૦ ની જોગવાઇ મુજબ જે વેપારીઓએ કલમ-૬૩ અને નિયમ-૪૪(૨) મુજબ ઓડીટ રીપોર્ટ રજૂ કરવાનો **થતો હોય** તેવા વેપારીઓએ વર્ષ ૨૦૧૭-૧૮ ના વાર્ષિક પત્રક રજુ કરવાની સમય મર્યાદા તા.૩૧/૧૨/૨૦૧૮ છે.

સમગ્ર દેશમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ એકટનો અમલ તા.૧/૭/૨૦૧૭ થી થયેલ છે. આ કાયદા તથા તેના નિયમોની જોગવાઇઓથી વેપારીવર્ગ અવગત થઇ રહેલ છે તેમ જણાવી વર્ષ ૨૦૧૭-૧૮ નું ઉકત વાર્ષિક પત્રક રજુ કરવા માટે વધુ સમયની માંગણી વિવિધ વેપારી મંડળો તથા ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન દ્વારા કરવામાં આવેલ છે.

આથી વર્ષ ૨૦૧૭-૧૮ નું ઉપર મુજબનું વાર્ષિક પત્રક સબંધિત ઘટક કચેરીઓમાં તા.૩૧/૧/૨૦૧૯ સુધીમાં રજૂ કરી શકાશે અને તે

બદલ ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો-૨૦૦૬ અન્વયેની દંડકીય કાર્યવાહી કરવામાં આવશે નહીં.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. સંયુકત સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજિયક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજિયક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજિયક વેરા કમિશનરશ્રી(ત/મ)ના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા વિભાગીય અધિક/સંયુકત વાણિજિયક વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૬. તમામ નાયબ વાણિજિયક વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૭. તમામ વાણિજિયક વેરા કચેરીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૮. આ કચેરીની તમામ શાખાઓ તરફ
૯. મહામાત્ર તાલીમ / દફતર શાખાને ૧૦ નકલમાં
૧૦. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૧. એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૨. ઇ–ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૩. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ

(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( આર.બી.મંકોડી)
સંયુકત વાણિજિયક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ